**ફો.પ.અ.નં.૨૦૨/૨૦૨૬**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

(૧) અરજદારે હાલની અરજી શામળાજી પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૮૦૧૦૨૬૦૨૭૬/૨૦૨૬ ના કામે કબજે લીધેલ મુદ્દામાલ ભેંસ નંગ–૩ (કે જેને હવે પછી 'મુદામાલ તરીકે ઉલ્લેખ કરેલ છે તે )વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૯૭ અન્વયે દાખલ કરેલ છે.અરજી અન્વયે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજી વંચાણે લીધી.અરજી સંબંધે અરજદારના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલ છે.અરજી સંબંધે અરજદાર તર્ફે રજુઆત કરવામાં આવેલ છે.સદર મુદ્ધામાલ શામળાજી પોલીસે પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(ડી)તથા બી.એન.એસ. ની કલમ–૨૮૧ મુજબ તથા મોટર એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૯૨ મુજબના ગુન્હાના કામે કબજે કરેલ છે.અરજદાર પશુપાલનનો વ્યવસાય કરી દુધનુ છુટક વેચાણ કરે છે તથા તેઓએ ભેંસ નંગ–૩ ખેડુતો પાસેથી વેચાણ રાખેલ છે અને પશુપાલનના કામમાં ઉપયોગ કરે છે અને શામળાજી પોલીસે ખોટી રીતે કબજે કરેલ મુદ્દામાલ ભેંસો નંગ–૩ પાંજરાપોળ ઈડર ખાતે રાખેલ છે અને ઈડર પાંજરાપોળમાં પશુઓની સારી રીતે માવજત થાય તેવુ નથી તેમજ પશુઓની દેખરેખ રાખવાવાળુ પણ કોઈ નથી.સદરહુ કામેના ભેંસો નંગ–૩ જીવ પશુઓને સારી રીતે રાખવામાં ન આવે અને પોષ્ટીક આહાર તેમજ સાચવવાની વ્યવસ્થા ન કરવામાં આવે તો રોગ લાગુ પડે,આયુષ્યમાં ઘટાડો થાય તેમજ પશુઓની હાલત બગડે તેવો સંભવ રહેલ છે અને અરજદારને સદરહુ મુદામાલ ભેંસો નંગ–૩ જીવ પશુઓ પરત સોંપવામાં ન આવે તો અરજદારને મોટુ આર્થીક નુકશાન જાય તેમ છે.સદર કામેના ગુન્હાની ટ્રાયલ

ચાલવામાં સમય જાય તેમ હોઈ અરજી મંજુર કરી વચગાળાાની કસ્ટડી તરીકે મુદામાલ અરજદારને સોંપવા રજુઆત કરેલ છે.

(૩) ફરીયાદપક્ષ શ્રીસરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,આ કામેના આરોપી વિરુધ્ધ પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(ડી) તથા બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબ તથા મોટર એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૯૨ મુજબના ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે તેમજ આ કામે કબજે લેવામાં મુદામાલ પરત સોંપવામાં આવે તો આરોપી ફરીથી આવા પ્રકારનો ગુન્હો આચરવામાં આવશે તેમજ આ કામેની પોલીસ તપાસ ચાલુમાં છે જેથી મુદામાલ અરજદારને પરત ન સોંપવા રજુઆત કરેલ છે તથા આંક–૦૪ થી ત.ક.અમલદારનાએ મુદામાલ અભિપ્રાય રજુ કરી જણાવેલ છે કે,ગુના કામે કબજે લીધેલ મુદામાલ ભેંસો નંગ–૩ કતલ કરવાના ઈરાદે ડાલામાં ભરી દોરડાઓ વડે હલનચલન કરી ન શકે તે રીતે મરણતોલ હાલતમાં બાંધી તથા ડાલામાં પાણી અને ઘાસચારાની સગવડ નહી કરી તથા પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગુનો કરતા કબજે લીધેલ હોય તથા સદરહુ મુદામાલ ભેંસોને કતલખાને લઈ જવાની સંભાવના હોય,મુદામાલ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) અરજીની હકીકત,બન્ને પક્ષોની રજુઆત તથા ત.ક.અ.શ્રી એ મુદામાલ સંબંધેના અભીપ્રાય સાથે રજુ કરેલ ઈડર પાંજરાપોળની પાવતી તેમજ પંચનામાની વિગતો ધ્યાને લીધા.સદર હકીકતો વંચાણમાં લેતા,હાલના ગુન્હાના કામે અરજીમાં જણાવેલ મુદ્દામાલ પોલીસે કબજે લીધેલ હોવાની હકીકત જણાઈ આવે છે.વધુમાં અરજદારે મુદામાલ વચગાળાની કસ્ટડી તરીકે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૯૭ મુજબ પરત માંગેલ છે ત્યારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭

અન્વયેની કાનૂની જોગવાઈ લક્ષમાં લીધી.અરજદારે સુચિત નવા ખારાના મુવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી,નવા ખારાના મુવાડા,તા.તલોદ, જી.સાબરકાંઠાનો દાખલો રજુ કરેલ છે જેમાં અરજદારે ઝાલા શૈલેષસિંહ વદનસિંહ,ગ્રાહક નં.૪૫ પાસેથી ભેંસો નંગ-૩ ખરીદેલ હોવાનું જણાવેલ છે.આમ,અરજદાર મુદ્દામાલ ભેંસો નંગ-૩ના માલીક કબજેદાર હોવાની હકીકત આ તબકકે ફલીત થાય છે.વધુમાં,મુદ્ધામાલ સંબંધે અન્ય કોઈ ત્રાહીત ઈસમે હકક,દાવો કરેલ નથી કે સદર અરજી સબંધે અન્ય ત્રાહીત ઈસમ દવારા વાંધો,તકરાર લેવામાં આવેલ નથી તેમજ ત.ક.અ.શ્રીએ મુદામાલ પરત નહી સોંપવા માટેનો અભીપ્રાય આપેલ છે પરંતુ કેસની ટ્રાયલના તબકકે મુદ્દામાલ ભેંસો નંગ-૩ ની કોઈ જરૂર જણાતી નથી તેમજ મુદ્દામાલ પરત સોપવામાં આવે તો કેસ ઉપર અસર થાય તેવુ પણ જણાઈ આવતુ નથી તે સંજોગોમાં મુદ્ધામાલ વિનાકારણે ઈડર પાંજરાપોળમાં પડી રહે અને અરજદારને સોંપવામાં ન આવે તો અરજદારને આર્થિક નુકસાન થાય અને તકલીફ અને અગવડતા સહન કરવી પડે તે સ્વાભાવિક છે તથા હાલના કામે પુરાવો નોંધવાનો બાકી છે જેથી ગુના કામેની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ હોય તથા કેસની હકિકતો અને સંજોગો,ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ તથા મુદામાલ પરત સોંપવા અંગેના પ્રસ્થાપિત કાનૂની સીધ્ધાંતોને ધ્યાને લેતાં હાલના અરજદાર મુદામાલ ભેંસો નંગ-૩ વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હકકદાર હોવાનુ ફલીત થાય છે ત્યારે અને તેવા સંજોગોમાં યોગ્ય રકમના જામીન રજુ કર્યેથી વચગાળાની કસ્ટડી માટે હાલના અરજદારને મુદામાલ પરત સોપવો યોગ્ય અને ન્યાયી હોવાનુ ફલીત થાય છે જેથી અરજી પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

**// હુકમ //**

અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.

**ફો.પ.અ.નં.૨૦૨/૨૦૨૬**

અરજદારને શામળાજી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૮૦૧૦૨૬૦૨૭૬/ ૨૦૨૬ કામે કબજે લીધેલ મુદ્દામાલ ''ભેંસો નંગ–૩'' મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજુ કર્યેથી,નીચેની શરતોને આધીન વચગાળાના હુકમે પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

(૧) અરજદારે પોતાના ઓળખકાર્ડ સાથે મુદામાલને લગતા જરુરી આધાર પુરાવા આ કામેના ત.ક.અ.શ્રી સમક્ષ રજુ કરવા.

(૨) અરજદારે મુદ્દામાલમાં આ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી તેની ઓળખમાં ફેરફાર થાય તેવુ કોઈ કૃત્ય કરવુ કરાવવુ નહીં.

(૩) અરજદારે મુદામાલ આ કેસનો આખરી નિકાલ ના આવે ત્યા સુધી નામ.અદાલત જયારે અને જયાં રજુ કરવા જણાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૪) અરજદારે મુદામાલને આ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી કોઈને વેચાણ,બક્ષીસ,ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવો કરાવો નહીં તથા હુકમ મુજબ જામીન તથા બોન્ડ સંબંધીત પોલીસ સ્ટેશને આપવા તથા હુકમના અમલ માટે સંબંધીત પોલીસ સ્ટેશને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : **૦૪/૦૭/૨૦૨૬**
સ્થળ :ભિલોડા

**(એમ.એ.મકરાણી)**
અધિક ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ
જીજે ૦૧૦૦૭
ભિલોડા